**Media Release**

Reliance

# પરિમલ નથવાણી વડોદરા સ્ટૉક એક્સચેન્જના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે ચૂંટાયા

**સપ્ટેમ્બર ૩૦, ૨૦૧૧ :** રાજ્ય સભા સાંસદ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી પરિમલ નથવાણી વડોદરા સ્ટૉક એક્સચેન્જના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. વડોદરા સ્ટૉક એક્સચેન્જના બોર્ડ ઑફ ડાયરેક્ટર્સની ગઈકાલે મળેલી બેઠકમાં સર્વાનુમતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. શ્રી નથવાણી વર્ષ ૨૦૦૮ થી વડોદરા સ્ટૉક એક્સચેન્જના બોર્ડમાં ડાયરેક્ટર છે.

શ્રી નથવાણીની સર્વાનુમતે અધ્યક્ષ પદે વરણી થયા બાદ સ્ટૉક એક્સચેન્જના બધા ડાયરેક્ટરો, કર્મચારીઓ અને અન્ય સહયોગીઓએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

વર્ષ ૧૯૯૦માં સ્થપાયેલું વડોદરા સ્ટૉક એક્સચેન્જ અમદાવાદ અને રાજકોટ બાદ ગુજરાતનું ત્રીજું સ્ટૉક એક્સચેન્જ છે. સિક્યૉરિટીઝ કોન્ટ્રેક્ટ (રેગ્યુલેશન) કાનૂન ૧૯૫૬ હેઠળ કાયમી સ્ટૉક એક્સચેન્જ તરીકે તે માન્ય છે. ૨૨ જાન્યુઆરી ૧૯૯૦ના રોજ તેની સત્તાવાર સ્થાપના થઈ તે પહેલાં ૧૯૮૬માં વડોદરા સ્ટૉક બ્રોકર્સ એસોસિયેશનની રચના થઈ હતી. વડોદરા સ્ટૉક એક્સચેન્જ આજે ભારતનાં ૧૯ સ્ટૉક એક્સચેન્જોમાં સ્થાન ધરાવે છે.

શ્રી પરિમલ નથવાણી રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટના ચેરમેન; ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશનના માનદ્ ટ્રસ્ટી; સંસદની જાહેર ફરિયાદ, કાયદો અને ન્યાય વિભાગની ખડી સમિતિના સભ્ય; વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિના કાયમી આમંત્રિત સભ્ય; દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ, નાથદ્વારા ટેમ્પલ બોર્ડના સભ્ય તેમજ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના ઉપ-પ્રમુખ પણ છે. તાજેતરમાં તેમની બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદના કુલપતિ પદે પણ નિમણૂંક થઈ છે.

★ ★ ★

**Corporate Communications**
"VRAJ", Nr. Chandanbala Tower
Opp. Suvidha Shopping Centre
Paldi, Ahmedabad – 380 007

Internet : www.ril.com

Telephone : 40094901

Telefax : (+91 79) 40094919

E-mail : nitin_r_bhatt@ril.com